# શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાના ગુણાતીત જ્યોતિર્ધર ગુરુહરિ સાહેબજીને પ્રાગટ્ય મહાપર્વે અનંત વંદન !

**ઈ.સ.** ૨૦૨૬નું આ વર્ષ એક ઐતિહાસિક વર્ષ છે. આ વર્ષે અનુપમ મિશનની સ્થાપનાને ૫૦ વર્ષ થઈ રહ્યાં છે; તેથી, અનુપમ મિશનની સ્થાપનાનું સુવર્ણ જયંતી વર્ષ છે. સાઠ વર્ષ પૂર્વે ૧૯૬૬ની ૧૪મી મેના દિવસે અમદાવાદમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે કેવળ ભગવાં વસ્ત્રથી નહીં, પરંતુ ભગવાં હૃદયથી ગુણાતીત સાધુતા સહજ કરવાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિરૂપી જે મંત્રદીક્ષા યુવાન જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને આપી, તેની હીરક જયંતીનું આ વર્ષ છે. વળી, આ વિશ્વના અદ્વિતીય આધ્યાત્મિક સમાજ એવા શ્રી ગુણાતીત સમાજની સ્થાપનાની હીરક જયંતીનું પણ આ વર્ષ છે. આ ત્રણેય ઘટના જગતના આધ્યાત્મિક ઇતિહાસમાં અજોડ ઘટનાઓ છે. તેથી, આ વર્ષે નિત્ય પ્રત્યે આપણી પ્રાર્થનામાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, સર્વ ગુણાતીત સંતો તથા સવિશેષ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના શ્રી ચરણે ગદ્‌ગદ હૃદયે નતમસ્તક થઈને જેટલા ધન્યભાવ અર્પણ કરીએ તેટલા ઓછા છે.

ગુણાતીત સાધુતા સહજ કરવા માટે સાધના કરતા સૌને ૬૦ વર્ષ પૂર્વે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે જે મંત્રદીક્ષા આપી છે, તેનો સાર છે કે, આપણાં હૃદય ભગવાં કરવાં. એટલે કે, આપણાં હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવા આપણાં હૃદય મંદિરરૂપ અને જીવન તીર્થસ્વરૂપ બનાવવાં. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતનું સ્પષ્ટ અને દૃઢ પ્રતિપાદન કરતાં શ્રીજી મહારાજે પોતાના વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં આવાં ભગવાં હૃદય – જે હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેની સહજ રીતિ સમજાવતાં પરાવાણી ઉચ્ચારી છે કે, "...પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે **મને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે** એમ સમજે. અને વળી પોતે એમ જ સમજતો હોય જે, ચાહે કોઈ મારી ઉપર ધૂળ નાંખો, ચાહે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાહે કોઈ હાથીએ બેસાડો, ચાહે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે; તથા, જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે; તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે; એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય આદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય **તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે**..."

પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી તો દિવ્ય મૂર્તિ છે; છતાં, આપણને સૌને પ્રેરણા મળે તે અર્થે તેઓના જીવનની પ્રત્યેક પળે તેઓએ શ્રીજી મહારાજે પ્રબોધેલો ઉપરોક્ત સિદ્ધાંત પોતાના જીવનમાં સહજ સાકાર કર્યો છે. સ્વયં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે અનેક પત્રમાં સાહેબજીને સંબોધીને લખ્યું છે કે, તેઓ "દિવ્ય મૂર્તિ છે", તેઓમાં "સ્વામી શ્રીજી અખંડ બિરાજમાન છે", તેઓ "જે ધારશે તે થાશે !" હૃદય ભગવું કરી તેમાં ભગવાનના અખંડ નિવાસ કરાવવાની શ્રી યોગીજી મહારાજની આજ્ઞારૂપી મંત્રદીક્ષાના ગુણાતીત જ્યોતિર્ધર સાહેબજી કેવા અલૌકિક છે તેની ઝાંખી કરાવતાં અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી પોતાની વાતોના ચોથા પ્રકરણની ૧૩૯મી વાતમાં કહે છે કે, "... (આ સાધુ) મોટા છે, ભગવાનના મળેલા છે, ભગવાનના વચનમાં વર્તે છે, ભીડો ખમે છે, ભગવાન એને વશ છે, ભગવાન એ કહે એમ કરે છે, ભગવાન એ કહે એમ ફરે છે, ભગવાનને એણે જીત્યા છે, ભગવાનના અભિપ્રાયના જાણનારા છે, મોક્ષના દાતા છે, એને દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, ગર્ભવાસ, જમપુરી ને ચોરાશીથી એ મુકાવે છે ને વિહદ જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે ને ભગવાનના સાધર્મ્યપણાને પમાડે છે, એવા એ મોટા છે. એના વિના ભગવાનને ચાલતું નથી, એનાં દર્શને પંચ મહાપાપ બળી જાય છે. એની ઇન્દ્રિયું ની ક્રિયાએ કરીને બ્રહ્માંડ સચેતન થાય છે, એનાથી કાળ, કર્મ ને માયા થરથર કંપે છે; જેમ દેહને પૂજ્યે જીવ પૂજાઈ રહ્યો, તેમ આ સાધુને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, એ અન્નદાતા છે; અંતર્યામી છે, સર્વજ્ઞ છે, એનું કર્યું થાય છે, ને **એ મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી, ભગવાન એના ભેળા રહ્યા છે,** અવિનાશી ધામને પમાડે છે, કર્તા થકા અકર્તા છે, વૃક્ષની પેઠે એનો દેહ પરને અર્થે છે, સંતનાં લક્ષણ કહ્યાં છે એવા છે, 'કામિલ, કાબિલ, સબ હુન્નર તેરે હાથ' એવા છે..."

પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના ૮૭મા પ્રાગટ્ય મહામંગલે અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજી મહારાજે જેની ઝાંખી કરાવી છે તે પ્રકારે તેઓનો યથાર્થ મહિમા સમજાય, તેઓમાં દૃઢ આત્મબુદ્ધિ અને પ્રીતિ થાય, તેઓની આજ્ઞા પ્રમાણે આપણું જીવન સહજ બને અને તેઓના અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય તેવી શુભ પ્રાર્થના સહ પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણોમાં પ્રાગટ્ય મહાપર્વે અનંત વંદન ! ◆

સ્વા.શ્રી... ~ સાધુ મનોજદાસ